BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# પાર્કિંગ અને મિલકતના માનકો અંગે સિટી ઓફ બ્રૅમ્પટન વસંત ઋતુ માટે સ્મૃતિપત્રક પાઠવે છે

વસંતનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સિટી ઓફ બ્રૅમ્પટન લોકોને સ્મૃતિ કરાવે છે કે આપણા શહેરની ગુણવત્તા જાળવી રાખવા માટે બાયલૉ અને માનકોનું પાલન કરવામાં તમામ લોકોએ ભૂમિકા ભજવવાની છે.

સિટી ઓફ બ્રૅમ્પટનના બાયલૉ એક માર્ગદર્શિકાનું કાર્ય કરે છે જેથી દરેક જણ સાફ અને સલામત પાડોશ માણી શકે અને બધા માટેની સાર્વજનિક જગ્યાઓની જાળવણી થઈ શકે.

રહેવાસીઓને સારા પાડોશી બનવા માટે આ મુજબ કરવા જણાવવામાં આવે છે:

- ફુટપાથ ચોખ્ખી રાખવી, ફુટપાથને કે શેરીઓને અવરોધે એવી રીતે વાહનો મુકવાની મંજૂરી નથી.
- વધુ પડતો ઘોંઘાટ નહીં કરવો, અવાજ અને ઉપદ્રવ અંગેના નિયમોથી સમુદાયોમાં સુલેહશાંતિનું વાતાવરણ ઊભું કરી શકાય છે અને જાળવી શકાય છે.
- વાડાની જગ્યામાં મિલકતના માનકો સાચવવા, પ્રાંતને સાફસુથરો રાખવો જે અણગમો પેદા કરતી કે ખતરો ઊભો કરતી સ્થિતિઓથી મુક્ત હોય.
- પાર્કિંગ પરવાનગી મેળવી હોય તે સિવાય શહેરના માર્ગો પર રાત્રે 2 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી અથવા એક સમયે ત્રણ કરતા વધુ કલાક પાર્કિંગ કરવું નહીં

સિટી ઓફ બ્રૅમ્પટનનો બાયલૉ એન્ફોર્સમેન્ટ વિભાગ સુનિશ્ચિત કરે છે કે રહેવાસીઓ વિવિધ અન્ય બાબતો સહિત સાર્વજનિક મિલકતોના ગુના, જેમકે સ્નો દૂર કરવા અંગે, વધુ પડતો ઘોંઘાટ કરવા અંગે અને પાર્કિંગના ઉલ્લંઘનો સંબંધિત સિટીના બાયલૉને વળગી રહે. જાહેર જનતા માર્ગો, ફુટપાથ, ઉદ્યાનો અને અન્ય જાહેર જગ્યાઓનો ઉપયોગ કરે ત્યારે તેમની સલામતી માટે આ એકમ કાર્યરત રહે છે.

પ્રોપર્ટી સ્ટેન્ડર્ડ્સ વિભાગ ખાનગી મિલકતો અંગેના ગુનાઓ રોકવાની જવાબદારી નિભાવે છે જેથી સુનિશ્ચિત થઈ શકે કે રહેવાસીઓ પોતાની મિલકતો જાળવી શકે. ઈન્સ્પેક્ટરો વધુ પડતા ઘાસ અને વીડના ઉપદ્રવની સમસ્યાને સંબોધવા કાર્ય કરે છે અને સાથે કચરો અને ડેબ્રીની ફરિયાદો પર ધ્યાન આપે છે.

વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/bylaws.

**સુવાક્યો**

"વસંતની ઋતુ સરસ અને સ્વસ્થ રહે તે સુનિશ્ચિત કરવામાં આપણે સહુએ ભૂમિકા ભજવવાની છે. આપણી સિટી ઓફ બ્રૅમ્પટનની બાયલૉની ટીમ આખું વર્ષ આપણા સમુદાયને સલામત અને સાફ રાખવા કાર્યરત રહે છે. હુંફાળું વાતાવરણ પાછું આવી રહ્યું છે ત્યારે આપણે આ ટીમને સહાયતા આપવાની છે જેથી આપણે સહુ મિલકતના માનકો જ આળવીને અને ઘોંઘાટ અને પાર્કિંગના બાયલૉનું પાલન કરીને આપણા પાડોશને માણી શકીએ.

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આપણે જ્યારે હુંફાળી આબોહવાનું સ્વાગત કરીશું અને બહાર નીકળીશું ત્યારે એક સારા પાડોશી થવા માટે અને આપણે સહુ જ્યાં વિકસી શકીએ એવી સલામત જગ્યાઓ બનાવવા માટે આપણે અમુક મહત્ત્વપૂર્ણ બાબતો કરી શકીએ. મહેરબાની કરીને ઘોંઘાટ ન થાય અને તમે ક્યાં પાર્ક કરો છો તેના પર ધ્યાન આપીને તેમજ એકંદર મિલકતની જાળવણી કરીને અમને આ શહેરની કાળજી લેવામાં અમારી સહાયતા કરશોજી. આપણે સહુ સલામત રહીએ તે માટે થોડુંક કરીને ઝાઝું મેળવી શકાય તેમ છે."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, લજિસ્લેટિવ સર્વિસિસ*

-30-

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca